

ભાદરવી પૂનમે અંબાજી પગપાળા જતા યાત્રિકોની સેવા માટે સમગ્ર પાલનપુરથી અંબાજી સુધીના માર્ગ પર એમ્બ્યુલન્સ વાનને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ ગુરુનાનક ચોકથી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢિયાર, અનિલ ચક્રવર્તી અને અમૃત જોષી સહિત અનેક લોકો હાજર રહ્યા હતાં. (તસવીર : હરેશ જોષી)

# પ્રાંતિજમાં ભાજપ કાર્યકરો દ્વારા નરેન્દ્ર મોદીના જન્મદિને ભૂલકાઓને ફુડ પેકેટનું વિતરણ

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ તાલુકા ભાજપ કાર્યકરો દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી નાના ભૂલકાઓને આંગણવાડીએ જઈ જઈ પૂર્વ શિક્ષણમંત્રીની આગેવાનીમાં કાર્યકરોએ ગુજરાતના કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જયસિંહ ચૌહાણ, જયેન્દ્રસિંહ રાઠોડ, દિલિપસિંહ રાઠોડ,



નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે શહેરની વિવિધ આંગણવાડીના બાળકોને ફુડ પેકેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ તાલુકામાં સ્થિત વિવિધ આંગણવાડીઓમાં ભણતા મુખ્યમંત્રીના જન્મદિન નિમિત્તે ફુડ પેકેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રાંતિજ એપ્રોચ રોડ પર સ્થિત તાલુકા ભાજપ કાર્યાલય ખાતે સત્યનારાયણની કથાનું આયોજન વિજયભાઈ પટેલ, સોનલબેન મોદી, મનુભાઈ કિમતાણી, રતિભાઈ ટેકવાણી, ગીરીશભાઈ પટેલ, સતિષભાઈ પંડયા, રમેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# મોડાસા શહેર ભાજપ મારફતે મુખ્યમંત્રીના જન્મદિને ફળફળાદી અને બિસ્કીટનું વિતરણ કરાયું



મોડાસા, તા. ૧૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે મોડાસા શહેર ભાજપના પ્રમુખની આગેવાનીમાં ભાજપ કાર્યકરોએ શહેરની વિવિધ આંગણવાડીઓમાં જઈ નાના ભૂલકાઓને ફ્રુટ અને બિસ્કીટનું વિતરણ કર્યુ હતુ. જેમાં ભાજપના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે તેમના લાંબા આયુષ્ય માટે આજે મોડાસા શહેર ભાજપના પ્રમુખ ધીરૂભાઈ પ્રજાપતિની આગેવાની હેઠળ મોડાસા શહેરના અન્નપૂર્ણા ટ્રસ્ટ સંચાલિત ભોજનાલય, બહેરામુંગા શાળાના બાળકો તથા આંગણવાડી કેન્દ્રના બાળકોને ફળફળાદી તથા બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસા ભાજપ પ્રમુખ ધીરૂભાઈ પ્રજાપતિ એસ.આર. પટેલ, જશુભાઈ શાહ, કમલેશભાઈ પટેલ, અશોક પટેલ, અશોકભાઈ ભાવસાર સહિત મોટી સંખ્યામાં લોકો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# માલવાસ દૂધ મંડળીના સેક્રેટરીને ત્રણ વર્ષની સજા

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના મહોબતપુરા ગામના બુબડીયા લલીતભાઈ ભારમોલભાઈ ખેડબ્રહ્મા તાલુકાની જ માલવાસ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તેમની ફરજ દરમિયાન તા. ૧-૭-૮૫ થી તા. ૩૦-૬-૮૬ સુધીમાં કોઈપણ સમયે મંડળીના દફતર સાથે ચેડાં કરી રૂ. ૨૬૨૨ ની રકમની ઉચાપત કરી હતી. આ ગેરરીતે ઓડીટ સમય દરમિયાન માલુમ પડતાં સહકારી ખાતા દ્વારા ઈ.પી.કો. કલમ ૪૦૮ અને ૪૭૭ મુજબ લલીતભાઈ બુબડીયા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવવામાં આવી હતી. આ ઉચાપતના ગુનાનો કેસ ખેડબ્રહ્માના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ આર.બી. જાનીની કોર્ટમાં ચાલી જતાં મેજીસ્ટ્રેટે તકસીરવાર ઠરાવી આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા તથા બન્ને કલમો માટે અલગ અલગ રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૧૦૦૦ નો દંડ ફટકારેલ છે. આરોપી દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હૂકમ કરવામાં આવ્યો છે. નાની રકમની ઉચાપતમાં સખત કેદની સજાનો હૂકમ થતાં ઉચાપતીયા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.



પ્રાંતિજ નગરના પેટાપરા જેહાજીના છાપરા પ્રાથમિક શાળાના આચાર્યની જિલ્લા ફેરબદલી થતા ગ્રામજનો શાળા પરિવાર દ્વારા કાંતીભાઈ માયાવંશીનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ગિરિશભાઈ પટેલ તથા દલપતસિંહ રાઠોડ સહિતના આગેવાનોએ કાંતિભાઈની સેવાઓની સરાહના કરી હતી. (તસવીર : સંજય રાવલ)

# દાંતા તાલુકાના ધી મહુડી દૂધ મંડળીના નવીન દૂધઘરનું ઉદ્‌ઘાટન કરતાં બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ

## બનાસ ડેરીનો વિકાસ પ્રવર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળની દીર્ઘદૃષ્ટિને આભારી છે : બળવંતસિંહ બારડ

પાલનપુર, તા.૧૭

બનાસ ડેરી સંલગ્ન દાંતા તાલુકાની ધી મહુડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના નવીન દૂધઘરના તા. ૧૬-૯-૨૦૧૩ સોમવારના રોજ ઉદઘાટન પ્રસંગે ઉચ્ચ ઓલાદના પશુઓ વસાવી વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા અંગે સંદેશ આપ્યો હતો તેમજ દુધની ગુણવત્તા જાળવવા માટે સુચન કર્યું હતું. મહુડી દૂધ મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે શુભકામનાઓ મહેમાન અને બનાસડેરીના બોર્ડ ડીરેકટર બળવંતસિંહ બારડે પોતાના ઉદબોધનમાં જણાવેલ કે બનાસડેરીનો વિકાસ પ્રવર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળની દીર્ઘદષ્ટિને આભારી છે. તેમજ મહુડી દૂધ મંડળના ચેરમેન



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે પોતાના ઉદબોધનાં દાંતા તાલુકાના અંતરિયાળ વિસ્તારના નાના ગામમાં દૂધમંડળીનું મકાન બનાવવા બદલ મહુડી દૂધમંડળીના સભાસદોને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ મહુડી ગામમાં ગત વર્ષે દુધ ઉત્પાદકોના હાથમાં ૩૦ લાખ રૂપિયા આવ્યા છે અને ચાલુ વર્ષે દૂધ ભરાવી ૩૫-૪૦ લાખ રૂપિયા મેળવે તેવી આશા વ્યકત કરી હતી. અને તે માટે પાઠવી હતી.

દાંતા વિસ્તારની મુખ્ય સમસ્યા વ્યસનો છે તે માટે ચેરમેને સર્વે દૂધ ઉત્પાદકોને વ્યસનો મુકત કરી સુખાકારી જીવન જીવવા ખાસ સુચન કર્યું હતું . તેમજ બનાસડેરીમાં ગત વર્ષે ૩૫ લાખ લીટર દૂધ સંપાદન કરી રૂ. ૩૫૫૦ કરોડનો વકરો કર્યો હતો જે આપણા સૌના માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

આ પ્રસંગે સમારોહના મુખ્ય મંત્રી અને વ્યવસ્થાપક કમિટીના સભ્યોએ સંપુર્ણ સુવિધા યુકત નવીન દૂધ ઘર બનાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે બનાસડેરીના ડીરેકટર દિનેશભાઈ ભટોળ, ઓ.એસ.ડી. મોહનભાઈ દેસાઈ તેમજ વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકો ભાઈઓ અને બહેનોએ ઉપસ્થિત રહી પ્રસંગની ગરિમા વધારી હતી.

# રાજેન્દ્રકુમાર સામે કરાયેલી જાહેરહિત અરજી ફગાવાઈ

અમદાવાદ, તા.૧૭

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં પરોક્ષ રીતે સંકળાયેલા આઈબીના વેસ્ટર્ન રિઝિયનના ઉચ્ચ અધિકારી રાજેન્દ્રકુમારની ધરપકડ નથી કરાતી અને સીબીઆઈ રાજકીય દબાણમાં કામ કરી રહી છે તે મતલબના મુદ્દા ટાંકી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

ઈશરત જહાં સહિત ચાર આતંકવાદીઓ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા આવી રહ્યા છે. તેવા ખોટા ઈનપુટ પ્રસિદ્ધ ગુજરાત પોલીસને ગેરમાર્ગે દોરનારા આઈ.બી.ના વેસ્ટર્ન રિઝિયનના ઉચ્ચ અધિકારી રાજેન્દ્રકુમારની પરોક્ષ રીતે શંકાસ્પદ ભૂમિકા રહી હતી. સીબીઆઈ તપાસમાં એ બહાર આવ્યું હતું કે વર્ષ ૨૦૦૪માં થયેલ ઈશરત જહાં એન્કાઉન્ટર મામલે રાજેન્દ્રકુમારે ખોટા ઈન્ટેલિજન્ટ ઈનપુટ જારી કર્યા હતા.

રાજેન્દ્રકુમારના ખોટા ઈન્ટેલિજન્ટ ઈનપુટના કારણે ઈશરત સહિત ચાર શખ્સો એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા. રાજેન્દ્રકુમારની ઈશરત કેસમાં સ્પષ્ટ ભૂમિકા હોવા છતાં તપાસ એન્જસી સીબીઆઈ તેમની વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરી રહી ન હતી. તેથી એક અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરી હતી અને અરજીમાં તેમણે એ મતલબના મુદ્દા ટાંકયા હતા કે સીબીઆઈ રાજેન્દ્રકુમારની ધરપકડ કરતી નથી ઉપરાંત સીબીઆઈ રાજકીય દબાણ હેઠળ કામ કરી રહી છે. ગુજરાત હાઈકોર્ટે અરજદાર તરફથી કરવામાં આવેલ જાહેરહિતની અરજી ફગાવી દીધી છે.



બનાસકાંઠામાં ખેડૂતોની બેંક તરીકે ઓળખાતી બનાસબેંકમાં આ વખતે આખી બોડી બિનહરિફ વિજેતા જાહેર થતા અને ચેરમેન પદે શંકરભાઈ ચૌધરીએ હેટ્રીક કરતા જિલ્લાના સહકારી માળખામાં આનંદ ઉલ્લાસ છવાયો હતો. આ પ્રસંગે બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ, સાંસદ હરિભાઈ ચૌધરી, હરિજીભાઈ પટેલ દ્વારા નવનિયુક્ત ચેરમેનનું શાલ ઓઢાડી બહુમાન કરાયું હતું. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| વરીયાળી | ૮૧૫ | ૧૩૬૧ |
| બંટી | ૩૦૫ | - |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| જુવાર | ૨૦૦ | ૨૭૮ |
| બાજરી | ૨૧૦ | ૨૬૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૬૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૩ | ૭૧૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૩ |
| મગ | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૯ |
| ગવાર | ૧૨૧૧ | ૧૪૭૮ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૪૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૩૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૫૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૮ | ૭૦૬ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૩૫ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૨ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૯ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૧૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૯ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૫૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૩૧૦ | ૩૭૬ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૬૫ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૫૦૫ | ૫૯૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૧૬ |
| તુવેર | ૬૬૦ | ૭૦૫ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| ડાંગર | ૨૧૦ | ૨૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૨૬૫ | ૧૪૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૮૭૨ | - |
| જવ | ૨૨૫ | - |
| રાયડો | ૫૯૫ | ૬૨૮ |
| એરંડા | ૬૯૦ | ૭૧૫ |
| ગવાર | ૧૩૦૩ | ૧૫૦૦ |
| ઘઉં | ૨૬૨ | ૩૬૫ |
| બાજરી | ૧૯૦ | ૨૭૨ |
| ચોરા | ૭૪૧ | - |
| જુવાર | ૨૦૦ | - |

**ઊંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૮૭૨ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| સરસવ | ૬૪૦ | ૭૬૦ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| મેથી | ૫૨૧ | ૫૩૯ |
| તલ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| સવા | ૬૪૦ | ૭૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૧૮૧ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૫૬૦ | ૬૩૧ |
| એરંડા | ૭૦૦ | ૭૨૬ |
| કપાસ | ૯૫૧ | ૧૧૫૧ |
| મગ | ૯૯૦ | - |
| ગવાર | ૧૨૦૧ | ૧૪૮૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ચોખા | ૪૨૫ | ૯૨૫ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| જીરૂ | ૨૩૭૨ | ૨૪૬૪ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જવ | ૨૪૬ | ૨૬૦ |
| વરીયાળી | ૭૦૦ | ૯૧૧ |
| બાજરી | ૨૧૫ | ૨૬૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| અજમો | ૮૨૬ | ૯૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૪૩૬ |
| બંટી | ૩૨૦ | - |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૦૯ | ૭૦૭ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૦૬ |
| એરંડા | ૭૦૬ | ૭૦૭ |
| બાજરી | ૨૪૩ | ૨૫૦ |
| ગવાર | ૧૩૯૧ | - |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૭૭ |
| અડદ | ૪૦૦ | ૬૭૧ |
| મગ | ૮૦૦ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૭૫ |
| બંટી | ૨૪૬ | ૨૭૧ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૪ | ૭૧૪ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| રાયડો | ૬૦૭ | ૬૧૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૫૦ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૨૬ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૫૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન